# ધોરણ-૧૨(સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉ.ઉ.બુ પ્રવાહ)ની પૂરક પરીક્ષા-૨૦૨૦ માટે આવેદન કરવા માટેની સુચનાઓ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ,વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉ.ઉ.બુ. પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-૨૦૨૦ માં જે વિદ્યાર્થીઓ એક(૧) અથવા બે(૨) વિષયમાં ગેરહાજર રહેલ હોય અથવા એક(૧) અથવા બે(૨) વિષયમાં અનુત્તિર્ણ  હોવાને કારણે ગુણ પત્રકમાં (NEEDS IMPROVEMENT) “સુધારણાને અવકાશ” ધરાવે છે તેવા જે વિદ્યાર્થીઓ એક(૧) અથવા બે(૨) વિષયની પૂરક પરીક્ષા આપવા ઇચ્છૂક હોય તે પરીક્ષાર્થીઓ વર્ષ-૨૦૨૦ ની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે.

**ખાસ નોંધ:- જે વિદ્યાર્થીઓનું અગાઉ એક વિષય માટે આવેદન કરી ફી ભરેલ હોય (રજીસ્ટ્રેશન)તેઓએ ફરીથી ફોર્મ ભરવાના નથી,બાકી રહેલ વિદ્યાર્થીઓ માટે આવેદન કરી ફી ભરી શકાશે જેની ખાસ નોંધ લેશો.**

1) **અરજી કરવા માટેની પ્રક્રિયા:-**

આ પૂરક પરીક્ષા માટેનું આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઇટ www.gseb.org અથવા hscgenpurakreg.gseb.org પરથી ONLINE કરવાનું રહેશે. (આવેદન કરવાની પ્રક્રિયા તથા ફી ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ફક્ત ઓનલાઇન માધ્યમથી જ કરવાની રહેશે. રૂબરૂ કે ટપાલ દ્વારા આવેદન સ્વીકારવાની પધ્ધતિ હવે પછીથી અમલમાં નથી.)

પરીક્ષા માટેનું આવેદન તથા ફી ભરવાની કામગીરી તા.૨૫/૦૮/૨૦૨૦ ના રોજ સાંજે ૧૮:૦૦ કલાકથી તા.૦૪/૦૯/૨૦૨૦ ના રોજ સાંજે ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઇન કરી શકાશે.

2) **Login કરવા માટેની પ્રક્રિયા:-**

I. **શાળા દ્વારા Login કરવાની પ્રક્રિયા:-**

શાળાએ Login કરવા માટે પોતાનો ઇન્ડેક્ષ નંબર, પાસવર્ડ તથા Captcha Code ભરી Login Button પર કલીક કરવું.

II. **વિદ્યાર્થી દ્વારા Login કરવાની પ્રક્રિયા:-**

વિદ્યાર્થીએ Login કરવા માટે પોતાનો Seat Number, School Index Number(દા.ત.:-૦૦.૦૦૧) તથા Captcha Code ભરી Login Button પર કલીક કરવું. (School Index Number અને Seat Number વિદ્યાર્થીની માર્કશીટ પર લખેલો હોય છે.)

3) **આવેદન(રજીસ્ટર) કરવા અને ફી ભરવા માટેની પ્રક્રિયા:-**

- શાળાએ જે વિદ્યાર્થીનું આવેદન કરી તેની ફી ભરવી છે તે વિદ્યાર્થીના ચેકબોક્ષ ઉપર ક્લીક કરી(વિદ્યાર્થીના નામ સામે ટીકમાર્ક કરી) નીચે “Register and Pay” બટન પર કલીક કરી Debit Card/Credit Card, Internet Banking અથવા SBI Branch Payment મારફતે ફી ભરવાની રહેશે.

**કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોને સરકારશ્રીએ પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપેલ છે. તેથી કન્યા ઉમેદવારો અને દિવ્યાંગ ઉમેદવારો પાસેથી ફી લેવાની રહેતી નથી. પરંતુ પૂરક પરીક્ષા-૨૦૨૦ માટે ઓનલાઇન આવેદન(રજીસ્ટ્રેશન) કરવું ફરજીયાત છે.**

- **અંતિમ તારીખ સુધી ફી એક થી વધુ તબક્કામાં પણ ભરી શકાશે.**

- COVID-19 ની પરિસ્થિતિમાં જે વિદ્યાર્થીઓ શાળા પર જઇ આવેદન માટેની સંમતિ તથા ફી ભરવા જઇ શકે તેમ ન હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થી સ્વયં ઓનલાઈન આવેદન કરીને નિયત ફી ભરી શકશે. અને વિદ્યાર્થીએ તેઓની શાળાને ટેલીફોનીક જાણ કરવાની રહેશે. વિદ્યાર્થીએ પોતાનું આવેદન કરી ફી ભરવા માટે પોતાના નામના સામે આપેલ ચેકબોક્ષ ઉપર ક્લીક કરી નીચે "Register and Pay" બટન પર કલીક કરી Debit Card/Credit Card, Internet Banking અથવા SBI Branch Payment મારફતે ફી ભરી શકે છે.

3) **આવેદન કરેલ અથવા બાકી રહેલ વિદ્યાર્થીઓની યાદી મેળવવા માટેની પ્રક્રિયા:-**

શાળા દ્વારા લોગીન કરી Report Button પર કલીક કરી "Student Wise Report" ઉપર કલીક કરવાથી જે વિદ્યાર્થીઓનું આવેદન કરી ફી દીધેલ હોય તેવા વિદ્યાર્થીઓ તેમજ જે વિદ્યાર્થીઓનું આવેદન કરવાનું બાકી હોય તેવા વિદ્યાર્થીઓની યાદી મેળવી શકાશે.

4) **શાળા દ્વારા કરવામાં આવેલ ચૂકવણા(PAYMENT) ની રસીદ(Receipt) મેળવવા માટેની પ્રક્રિયા:-**

શાળા દ્વારા લોગીન કરી PAYMENT DETAILS પર કલીક કરી "Print Challan" માંથી જે વિદ્યાર્થીઓએ પોતાનું આવેદન કરી ફી ભરી દીધેલ છે તેમની Receipt Download કરી શકશે.

**ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહ/વ્યવસાયલક્ષી પ્રવાહ/ઉ.ઉ.બુ પ્રવાહ પૂરક પરીક્ષા-૨૦૨૦ ની જાહેર પરીક્ષા અંગેની પરીક્ષા ફી નીચે મુજબ રહેશે.**

| | |
|---|---|
| ૧. રીપીટર (એક વિષય) ફી | રૂ.૧૪૦/- |
| ૨. રીપીટર(બે વિષય) ફી | રૂ.૨૨૦/- |
| ૩. પ્રાયોગીક વિષયદીઠ ફી | રૂ.૧૦/- |

**નોંધ:-**

- ઉપરોકત તમામ ફી માંથી વિદ્યાર્થીનીઓ તથા દિવ્યાંગ ઉમેદવારોને સરકારશ્રી દ્વારા પરીક્ષા ફી માંથી મુક્તિ આપવામાં આવેલ છે.
- એક વિષયમાં અનુત્તિર્ણ વિદ્યાર્થીઓની યાદી આપને માર્ચના પરિણામ સાથે મોકલી ૨૦૨૦- આપવામાં આવેલ હતી. બે વિષયમાં અનુત્તિર્ણ વિદ્યાર્થીઓની યાદી SR પરથીઅથવા / .ઓનલાઇન દેખાતી યાદી પરથી બનાવી લેવાની રહેશે